# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૪૯૨/૨૦૧૨
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૨/૦૭ – ૨૦૧૬

પ્રતિ,
<u>શ્રીમતી ઉમાબેન અશોકભાઇ પટેલ</u>
<u>મુ.પો. ખાનપુર,</u>
<u>તા.જી.વડોદરા</u>

**વિષય:-મોજે ખાનપુર, તા.વડોદરા, જી.વડોદરાના રે.સ.નં. ૧૩,૨૭, બ્લોક નં. ૨૬ પૈકી ૧, ફા.પ્લોટ નં. ૨૨, ટી.પી.સ્કીમ નં. ૧ (ખાનપુર-સેવાસી) વાળી જમીનમાં કુલ-૨૩ રહેણાંકના મકાનો, તથા કોમન પ્લોટમાં એક ક્લબહાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.**

સંદર્ભ :- આપની તા. ૧૬-૦૪-૨૦૧૬ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી વિકાસ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

<u>બિડાણ</u> :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

<u>નકલ રવાના પ્રતિ</u> :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સાર

TRUE COPY

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

### વિકાસ પરવાનગી

**શ્રીમતી ઉમાબેન અશોકભાઇ પટેલ** ગામ. ખાનપુર, જી.વડોદરાના રે.સ.નં. **૧૩,૨૭**, બ્લોક નં. ૨૬ પૈકી ૧, ફા.પ્લોટ નં. ૨૨, ટી.પી.સ્કીમ નં. ૧ (ખાનપુર-સેવાસી) જમીનમાં ક્ષેત્રફળ **૭૦૩૧.૦૦** ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર **૨૧૬૪.૦૧** ચો.મી. ફર્સ્ટ ફ્લોર **૨૫૮૯.૧૧** ચો.મી. સેકન્ડ ફ્લોર **૧૫૩૩.૧૮** ચો.મી. મળી કુલ **૬૨૮૬.૩૦** ચો.મી. માં **કુલ- ૨૩ રહેણાંકના મકાનો, તથા કોમન પ્લોટમાં એક ક્લબહાઉસના** બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**ખાસ શરતો :-**

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૧૦૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે. .

(૪) જી.ડી.સી.આર - ૨૦૦૬ ની ક્લોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૬) સરકારશ્રી દ્વારા પ્રારંભિક યોજના મંજુર કરવાના સમયે હદો તથા ક્ષેત્રફળમાં થનાર ફેરફાર અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા ત્યાં સુધી મૂળખંડમાં સમાવિષ્ટ અંતિમખંડમાં જ વિકાસ કરી શકાશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક

શહેરી વિકાસ સત્તામંડળ,

વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૪૧૧/૨૦૧૨

શહેરી વિકાસ સત્તામંડળ,

કારેલીબાગ, વડોદરા – ૧૮.

તા. ૨/૦૪/૨૦૧૬

TRUE COPY